**અમદાવાદ શહેરના મે. ૯ માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી ડી.વી.પટેલ સાહેબ સમક્ષ, (કોર્ટ નં.૨૦), અમદાવાદ**

**સમરી નં.૨૪૧/૨૦૨૪**

# હુકમ

આ કામે તપાસ કરનાર અમલદારે ''સી'' સમરી ભરી નીચે મુજબનો રીપોર્ટ કરેલ છે કે,

સવિનય એ.ડી.ભટ્ટ પો.સબ.ઈન્સ. ઓઢવ, પો.સ્ટે. અમદાવાદ શહેરને વિનંતી રીપોર્ટ કે,

ઓઢવ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૭૨૩૦૧૯૮/૨૦૨૩, ઈ.પી.કો.કલમ-૪૦૬,૪૨૦, ૪૧૯,૧૧૪ તથા ૧૨૦(બી) મુજબના કામના ફરિયાદીએ અમરતભાઈ મો.નં. ૯૫૫૮૦૭૯૧૪૬ સાથે તેઓએ સ્ક્રેપના માલની ખરીદી બાબતે જાન્યુઆરી ૨૦૨૩ ના શરૂઆતના દિવસોમાં વાત કરતા તેઓએ ફરિયાદીને આશિષભાઈ કે જેનું સાચું નામ જયદીપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા, રહે: ગામ-લાકડીયા, તા. ભચાઉ, જિ. કચ્છ વાળાનો નંબર આપી તેની સાથે વાત કરતા તેઓએ ભાવનગર બંદર રોડ, કુભારવાડા વી.એ.એપ્પી મેરીટાઇમ પ્રા. લી. વાળી જગ્યાએ સ્ક્રેપનો માલ ભરેલ હોવાનું જણાવી તે જગ્યાએ ફરિયાદીનો દીકરો ઈશ્વરકુમાર જતા ત્યાં આરોપી આશિષભાઈ,કમલેશભાઈ, નરસિંહભાઈ તથા અમરતભાઈ સ્વીફ્ટ ગાડીમાં આવી તેમના દીકરાને સ્ક્રેપનો માલ બતાવી ગાડી ભાડા પેટે રૂા. ૧૫,૦૦૦/- ફરિયાદી પાસેથી મંગાવી લઈ સ્ક્રેપના માલની ગાડી ભરાવી તે પેટે રૂા. ૯,૦૯,૪૨૬/- તેમજ બીજો માલ પરત આપવાનું કહી તેના રૂા. ૭,૫૪,૫૧૪/- મળી કુલ રૂા. ૧૬,૬૩,૯૪૦/- તથા ગાડીના ભાડા પેટે રોકડા રૂા. ૧૫,૦૦૦/- મળી કુલ કિં.રૂા.૧૬,૭૮,૯૪૦/- મેળવી લઈ માલ કે રૂપિયા પરત નહી આપી આરોપી આશિષે ખોટુ નામ ધારણ કરી સાચુ નામ છુપાવી તમામ આરોપીઓએ ભેગા મળી એકબીજાની મદદગારીથી ફરિયાદી સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કરી ગુનો કર્યા વિગેરે મુજબની આરોપી નં. ૧ આશિષભાઈ કે જેનું સાચુ નામ જયદીપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા, રહે: ગામ-લાકડીયા, તા.ભચાઉ, જિ. કચ્છ, મો. ૯૩૨૭૧૬૬૭૯૯ તથા (૨) અમરતભાઈ મો. નં. ૯૫૫૮૦૭૯૧૪૬ તથા (૩)હરેશભાઈ મો.નં. ૯૭૨૬૯૦૩૦૭૨ જેમના પુરા નામ સરનામાની ખબર નથી. તે (૪) કમલેષભાઈ મો. નં ૯૫૧૦૫૩૧૩૭૧ વિરૂધ્ધમાં ફરિયાદ આપતા તેઓ વિરૂધ્ધમાં ઉપરોકત નંબરથી ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.

ગુનાની એફ.આઈ.આર. માં દર્શાવેલ આરોપી નં. ૩ હરેશભાઈ ઉર્ફે હરીભાઈ સ/ઓ ભાકાભાઈ તપુભાઈ સોલંકીનાઓને આરોપી નં. ૨ કમલેષભાઈ ઉર્ફે કમલભાઈએ એસ.એસ. ૩૦૪ એલનો ભંગારનો માલ વેચાણે લેવાનું જણાવતાં એફ.આઈ.આર. માં દર્શાવેલ આરોપી નં. ૩ નાએ પોતે છુટક ભંગારની દલાલી કરતા હોય અને ભાવનગર મોતી તળાવ રોડ કુંભારવાડા વી.એસ.એપ્પી મેરીટાઇમ પ્રા. લી.ના માલિક શેઠ મુન્ના ભાઈના ગોડાઉનમાં માલ પડેલ હોય જેથી શેઠને વાત કરતા રૂા.૧૬૦/- ના કીલોના ભાવે ભાલ વેચવાનું કહેતા એફ.આઈ.આર.માં દર્શાવેલ આરોપી નં. ૩ હરેશભાઈ ઉર્ફે હરીભાઈએ માલના ફોટા આરોપી નં. ૩ કમલેષભાઈને મોકલી આપેલ હતા અને ગુનામાં સંડોવાયેલ પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમ્યાન પકડાયેલ આરોપીઓએ પોતે આ ચીંટીંગ કરવાના હતા જે બાબતે એફ.આઈ.આર માં દર્શાવેલ આરોપી નં.૩ હરેશભાઈ ઉર્ફે હરીભાઈને આ બાબતે જણાવેલ ન હતુ. આમ, એફ.આઈ.આર માં દર્શાવેલ આરોપી નં.૩ હરેશભાઈ ઉર્ફે હરીભાઈ સ/ઓ ભાકાભાઈ તપુભાઈ સોલંકી નાઓની સદર ગુનામાં કોઈ સંડોવણી કે મદદગારી જણાઈ આવેલ નહી જેથી એફ.આઈ.આર માં દર્શાવેલ આરોપી નં.૩ હરેશભાઈ ઉર્ફે હરીભાઈ સ/ઓ ભાકાભાઈ તપુભાઈ સોલંકી વિરુધ્ધમાં પુરતા પુરવા ન હોય જેથી અટક કરેલ હોય અને પકડાયેલ આરોપીઓ વિરુધ્ધમાં અલાયદુ ચાર્જશીટ કરવામાં આવેલ છે, અને ફરીયાદીના હકીકતની ભુલના કારણે ગુનાની એફ.આઈ.આર માં આરોપી નં.૩ તરીકે હરેશભાઈ ઉર્ફે હરીભાઈ સ/ઓ ભાકાભાઈ તપુભાઈ સોલંકીનુ નામ દર્શાવેલ હોય જેથી આ કામે સદર ગુનાની એફ.આઈ.આરમાં દર્શાવેલ આરોપી નં.૩ હરેશભાઈ ઉર્ફે હરીભાઈ સ/ઓ ભાકાભાઈ તપુભાઈ સોલંકી પુરતી વર્ગ "સી" સમરી ભરવામાં આવેલ છે.

સદર કામે ફરીયાદી દેવારામ ભુરારામ પુરોહીત ઉવ.૫૮, રહે. મનં.બી/૯૦૯, અજીતનાથકૃપા સોસાયટી, અંબીકાનગર, ઓઢવ, અમદાવાદ શહેરનાઓની ફરીયાદના કામે હકીકત એવી છે કે, ફરી.શ્રીએ અમરતભાઈ મોનં.૯૫૫૮૦૭૯૧૪૬ સાથે તેઓએ સ્ક્રેપના માલની ખરીદી બાબતે જાન્યુઆરી ૨૦૨૩ ના શરુઆતના દિવસોમાં વાત કરતા તેઓએ ફરી.શ્રીને આશીષભાઈ કે જેનુ સાચુનામ જયદિપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા રહે.ગામ.લાકડીયા, તા.ભચાઉ જી.કચ્છ વાળાનો નંબર આપી તેની સાથે વાત કરતા તેઓએ ભાવનગર બંદરરોડ કુંભારવાડા વી.એ.એપ્પી મેરીટાઇમ પ્રા.લી

વાળી જગ્યાએ સ્ક્રેપનો માલ ભરેલ હોવાનુ જણાવી તે જગ્યાએ ફરી.શ્રીનો દિકરો ઈશ્વરકુમાર જતા ત્યાં આરોપી આશીષભાઈ, કમલેષભાઈ, નરસિંહભાઈ તથા અમરતભાઈ સ્વીફ્ટગાડીમાં આવી મારા દિકરાને સ્ક્રેપનો માલ બતાવી ગાડી ભાડા પેટે રુ.૧૫,૦૦૦/- ફરી.શ્રી પાસેથી મંગાવી લઈ સ્ક્રેપના માલની ગાડી ભરાવી તે પેટે રુ. ૯,૦૯,૪૨૬/-તેમજ બીજો માલ આપવાનુ કહી તેના રુ. ૭, ૫૪, ૫૧૪/- મળી કુલ રુ.૧૬,૬૩,૯૪૦ ફરી.શ્રી પાસેથી મંગાવી તે રુપીયા ફરી. શ્રીએ આર.ટી .એસ મોકલી આપતા તે પૈસા તેઓને મળેલ નથી તેમ કહી ફરી.શ્રી સાથે માલ પેટેના રુ.૧૬,૬૩,૯૪૦/- તથા ગાડીના ભાડા પેટે રોકડા રુ.૧૫,૦૦૦/- મળી કુલ્લે કીરુ. ૧૬,૭૮,૯૪૦/- મેળવી લઈ માલ કે રુપીયા પરત નહી આપી આરોપી આશીષે ખોટુ નામ ધારણ કરી સાચુ નામ છુપાવી તમામ આરોપીઓએ ભેગા મળીએકબીજાની મદદગારીથી ફરી શ્રી સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કરી ગુનો કર્યા વિગેરે મુજબની આરોપી (૧) આશીષભાઈ કે જેનુ સાચુનામ જયદિપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા રહે.ગામ.લાકડીયા, તા.ભચાઉ જી.કચ્છ મોનં.૯૩૨૭૧૬૬૭૯૯ (૨) અમરતભાઈ મોનં. ૯૫૫૮૦૭૯૧૪૬ (૩) હરેશભાઈ મોનં. ૯૭૨૬૯૦૩૦૭૨ જેમના પુરાનામ સરનામાની ખબર નથી તે (૪) કમલેષભાઈ મોનં.૯૫૧૦૫૩૧૩૭૧ વિરુદ્ધમાં ફરીયાદ આપતા તેઓ વિરુદ્ધમાં ઉપરોકત નંબરથી ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.

બાદ આ કામે ગુનાના બનાવની હકીકતથી વાકેફ હોય તેવા સાહેદોના નિવેદન મેળવવામાં આવેલ જેમાં ફરીયાદીશ્રીનો દિકરા (૧) ઈશ્વરભાઈ દેવારામ પુરોહીત ઉવ.૩૩, ધંધો.વેપાર, રહે. મનં.૩૨, પુષ્પક બંગ્લોઝ, મંગલપાંડે હોલની બાજુમાં, નિકોલ, અમદાવાદ શહેર. તથા સાહેદ (૨) રામકુમાર રામપ્રતાપ સરોજ ઉવ.૩૮, ધંધો.મજુરી, રહે.ગોગાજીના મંદીરની પાછળ, કઠવાડા, નિકોલ, અમદાવાદ શહેર. મુળવતન. ગામ.હરીપુર, પોસ્ટ. વિજયપુર, થાણા. બીંદાજલ, જી. પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ (૩) જગદેવસિંગ રુપારામ પુરોહીત ઉવ.૨૮, ધંધો.વેપાર, રહે. મનં.૫૦, પુષ્પક બંગ્લોઝ, મંગલપાંડે હોલની બાજુમાં, નિકોલ, અમદાવાદ શહેર. મુળવતન. ગામ.નર્મદા કોલોની, સાંચોર, રાજસ્થાન (૪) ચંપાલાલ પારસમલ પુરોહીત ઉવ.૨૫, ધંધો. વેપાર, રહે. મનં.૩૨, પુષ્પક બંગ્લોઝ, મંગલપાંડે હોલની બાજુમાં, નિકોલ, અમદાવાદ શહેર. મુળ વતન, ખરડ ધોરીમન્ના, જી.બાડમેર, રાજસ્થાન.નાઓના નિવેદન મેળવતા ફરીયાદને મળતી ભળતી હકીકત

લખાવેલ હોય જે બાબતે તેઓના વિગતવારના નિવેદનો મેળવવામાં આવેલ છે.

આ કામે આરોપી બાદ આ કામે આરોપીઓની તપાસ દરમ્યાન (૧) જયદિપસિંહ ઉર્ફે મુત્રો સ/ઓ નરેન્દ્રસિંહ વેલુભા જાડેજા ઉવ.૩૦, રહે.ગામ. લાકડીયા રેલ્વે સ્ટેશન વિસ્તાર, તા.ભચાઉ જી.કચ્છ તથા (૨) કમલેષ ઉર્ફે કમલ સ/ઓ જગજીવનભાઈ નવાજી સિંદલ ઉવ.૩૮, રહે. મનં.૩, સીવીલ ક્વાર્ટર્સ, ગાંધી ચોક, મોરબી. મુળ રહે.ગામ.લાકડીયા રેલ્વે સ્ટેશન વિસ્તાર, તા.ભચાઉ જી.કચ્છ મુળવતન. સ્વરુપગંઝ, તા.આબુરોડ, જી.શીરોહી, રાજસ્થાન તથા (૩) નરસિંહભાઈ સ/ઓ વિરમભાઈ ભુરાભાઈ ઘોઘાણી ઉવ.૩૭, રહે. ગામ.લકાડીયા, ગાયત્રીનગર તા.ભચાઉ, જી.કચ્છ નાઓ તપાસ દરમ્યાન મળી આવતા તેઓને તા.31/03/2023 ના કલાક.18/50 વાગ્યે અટક કરવામાં આવેલ છે. (૪) સલીમ સ/ઓ શેખુદ્દીનભાઈ નુરમોહમંદ થીમ ઉવ.૨૭, રહે. મનં.૨૭, ડાયમંડ પેલેસ ફ્લેટ, ઉમરીયા વદનની નેર, અબ્બાસી બોડીંગની સામે, મહુવા, જી.ભાવનગર. નાને ઉપરોકત ગુનાના કામે તા.03/05/2023 ના કલાક.20/00 વાગ્યે પકડી અટક કરવામાં આવેલ છે (૫) મોહમંદબિન ઉર્ફે દાદુભાઈ સ/ઓ સૈયદભાઈ અબ્દુલ્લાભાઈ કથીરી ઉવ.૨૭, રહે. ગેબનશા સોસાયટી, શેરી નં.૨, મદીનાપાર્ક, જસદણ, જી.રાજકોટનાને ઉપરોકત ગુનાના કામે તા.10/05/2023 ના કલાક.21/20 વાગ્યે પકડી અટક કરવામાં આવેલ છે. તેમજ આરોપી મોહમંદબિન ઉર્ફે દાદુભાઈ સ/ઓ સૈયદભાઈ અબ્દુલ્લાભાઈ કથીરીની પાસેથી રોકડા નાણા રુ.૧૬,૨૦,૦૦૦/- (સોળ લાખ વિસ હજાર) કબ્જે કરવામાં આવેલ છે. નહી પકડાયેલ આરોપી :- (1) અમરતભાઈ મોહનભાઈ ભીલ રહે. રહે.નવી સુંદરપુરી, ન્યુ સુંદરપુરી પ્રાથમીક શાળાની બાજુમાં, ગાંધીધામ, પુર્વ કચ્છ (રીયા ઉર્ફે મેકસી મોહમંદભાઈ શેખ રહે. મામાકોઠાર રોડ બાપેસરા કુવા પાસે, ડૉકટર લાખાણીના દવાખાના સામે, ભાવનગર (l) અજયભાઈ શીવાભાઈ કલોતરા (રબારી) રહે.હુડકોના મકાનમાં રાજકોટ (4) મહાવિર જોરુભા દેવકુભાઈ વાળા રહે. ન્યુ સુર્યોદય સોસાયટી, શેરી નં. ૧, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ.નાઓને સદર ગુનામાં પકડવાના બાકી છે.

આ કામે તપાસ હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી દેવારામ ભુરારામ પુરોહીતનાઓ તેમના દિકરા એટલે કે સાહેદ નં.6 ઈશ્વરભાઈ સાથે ઓઢવ કર્મ ગેસ એજન્સીરોડ કૈલાસ એસ્ટેટ વિભાગ.૨ શેડ

નં.૩૧ માં પારસ પાઈપ ફીટીંગ નામથી સ્ટીલના સ્ક્રેપનો ટ્રેડીંગનો વેપાર ધંધો કરે છે અને તેમના આ ધંધામાં તેઓ અલગ અલગ દલાલ મારફતે સ્ટીલનો સ્ક્રેપનો (ભંગાર) માલ મંગાવી તે માલ બીજા વેપારીઓને વેચાણે આપે છે અને આ ધંધામાં તેઓ ફોન ઉપર દલાલ મારફતે સ્ક્રેપનો માલ મંગાવતા આવે છે અને નહી પકડાયેલ આરોપી નં.૧ અમરતભાઈ મોહનભાઈ ભીલ ઘણા સમયથી ફરીયાદીની સાથે ભંગારના માલ બાબતે સંપર્કમાં હતો અને તેણે ફરીયાદીના પૈસા છેતરપીંડી વિશ્વાસઘાત કરી મેળવી લેવા સારુ પકડાયેલ આરોપી નં.૧ જયદીપસિંહ જાડેજા અને આરોપી નં.૨ કમલેષ ઉર્ફે કમલભાઈ સિંદલ નાઓને જણાવેલ અને ત્રણેય આરોપીઓએ ભેગા મળી ફરીયાદી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી પૈસા મેળવવા સારુ ગુનાહીત કાવતરુ રચેલ જેમાં પોતાની યોજના મુજબ આરોપી નં. ૧ જયદિપસિંહ જાડેજાને ઓળખ છુપાવવાનુ નક્કી કરી આશીષભાઈ તરીકે ફરીયાદી સાથે વાત કરવાનુ નક્કી કરેલ અને આરોપી નં.૨ કમલેષભાઈ ઉર્ફે કમલભાઈ નાને એસ.એસ.૩૦૪ એલ માલનુ સેટીંગ કરવા નક્કી થયેલ અને ફરીયાદી પાસેથી ચીટીંગ કરી જે પૈસા મળે જેમાંથી ત્રણેય આરોપીઓએ ૫૫ % તથા બાકીના ૩૫ ટકા ખાતા ધારકના અને ૧૦ ટકા ખાતુ લાવી આપનારને આપવાનુ નક્કી કરેલ બાદ જાન્યુઆરી–૨૦૨૩ મા નહી પકડાયેલ આરોપી નં.૧ અમરતભાઈ ભીલે ફરીયાદી સાથે ફોન ઉપર પોતાની પાસે માલ છે હું તમને સ્કેપના ફોટા મોકલુ છુ તેવી વાતચીત કરી ફરીયાદીને વિશ્વાસમાં લીધેલ અને ત્રણેય આરોપીઓએ પોતાની પાસે જી.એસ.ટી બેંક એકાઉન્ટ માટે નહી પકડાયેલ આરોપી નં.૩ અજયભાઈ શીવાભાઈ કલોતરા (રબારી)ને વાત કરેલ અને તેને ફરીયાદી સાથે આ ચીટીંગ કરવાના છે તે જણાવી તેઓને કમિશન આપવાની વાત કરી ખાતાનુ સેટીંગ કરાવી અપાવવા કહેતા તેઓએ નહી પકડાયેલ આરોપી નં.૨ રીયાઝભાઈને સંપર્ક કરતા નહી પકડાયેલ આરોપી રીયાઝભાઈએ ખાતુ મેળવવા સારુ કોલમ નં.૧ માં જણાવેલ પકડાયેલ આરોપી નં.૫ મોહમંદબિન ઉર્ફે દાદુભાઈને કહેતા તે આરોપીએ પકડાયેલ આરોપી નં.૪ સલીમ સ/ઓ શેખુદ્દીનભાઈ નુરમોહમંદ થીમને ખાતાનુ સેટીંગ કરવા જણાવેલ અને તે આરોપીએ નહી પકડાયેલ આરોપી નં.૪ મહાવિર વાળાને કહેતા આરોપી મહાવિર વળાએ પોતાના આર્થીક ફાયદાસારુ પોતાનુ “રોયલ એન્ટરપ્રાઈઝ” નામનુ ખાતુ પકડાયેલ આરોપી નં.૪ સલીમને આપેલ જે ખાતુ આરોપી સલીમે પકડાયેલ આરોપી નં.૫ મોહમંદ બીન ઉર્ફે દાદુભાઈ મારફતે નહી પકડાયેલ આરોપી નં.૨

રીયાઝભાઈને આપેલ અને આરોપી રીયાઝભાઈએ આ ખાતુ નહી પકડાયેલ આરોપી નં.૩ અજયભાઈ શીવાભાઈ કલોતરા (રબારી) મરફતે પકડાયેલ આરોપી નં. ૧ જયદિપસિંહ જાડેજાને આપેલ બાદ આરોપી નં.૨ કમલેષભાઈએ ભાવનગર ખાતે રહેતા અને દલાલીનો નાનો મોટો ધંધો કરતા હરેશભાઈ ભાકાભાઈ સોલંકીને એસ.એસ.૩૦૪ નો માલ ખરીદ કરવાનો છે તેમ જણાવતા હરેશભાઈએ ભાવનગર મોતી તળાવ રેલ્વે ક્રોસીંગની બાજુમાં આવેલ પ્લોટ નં.૫૧/બી વી.એસ.એપ્પી મેરીટાઇમ પ્રા.લી નામની કંપનીના ગોડાઉનમા પડેલ માલના ફોટા આરોપી નં.૨ કમલેષભાઈને મોકલી આપેલ જે બાદ આ કામના આરોપી નં.૧ જયદિપસિંહ જાડેજાએ ફરીયાદીશ્રીને ફોન કરેલ અને પોતાની ઓળખ છુપાવી પોતે આશીષભાઈ હોવાનુ જણાવી ફરીયાદી સાથે ભંગારના એસ.એસ.૩૦૪ માલ બાબતે વાતચીત શરુ કરેલ અને ફરીયાદીશ્રીને પોતે રાજકોટ ખાતે આવેલ રોયલ એન્ટરપ્રાઈઝના મહાવીર વાળા સાથે પાર્ટનર હોવાનુ જણાવી ફરીયાદીને ભાવનગર ખાતે વી.એસ.એપ્પી મેરીટાઇમ પ્રા.લી નામની કંપનીના ગોડાઉનમાં પડેલ માલના ફોટા મોકલી આપી ફરીયાદીને વિશ્વાસ અને ભરોસામાં લીધેલ બાદ ફરીયાદીને માલ પસંદ પડતા ફરી.શ્રીએ આ માલ બાબતે આરોપી નં. ૧ જયદિપસિંહ જાડેજાને ફોન કરતા બંને વચ્ચે આ મહંત બેંક કીલોના રુ.૬૦/- લેખે ભાવમાં સોદો નક્કી થયેલ અને બાદ આ કામના ત્રણેય આરોપીઓ પાસે ભાવનગર આવવા જવા માટે વાહનની જરુર હોય જેથી તેઓએ પકડાયેલ આરોપી નં.૩ નરસિંહભાઈ ઘોઘાણીને આ ચીટીંગ કરવાનું કહી આ ચીટીંગમાંથી જે પૈસા મળેલ તેમા સરખો ભાગ આપવાનુ જણાવી આ કામ માટે આરોપી નં.૩ ને તૈયાર કરેલ બાદ તા.૦૬/૦૧/૨૦૨૩ ના રોજ આ માલ લેવા માટે ફરીયાદીનો દીકરો ઈશ્વરભાઈ ભાવનગર ખાતે આવવાનો હોય જેથી આ કામના પકડાયેલ આરોપી નં.૧ અને ૩ પોતાના મુળ વતનથી સ્વીફ્ટ કારમાં બેસી ભાવનગર ખાતે આવવા રવાના થયેલા અને રસ્તામાં સામખીયાળી ચોકડીથી નહી પકડાયેલ આરોપી નં. ૧ અમરતભાઈને તથા મોરબી ખાતેથી પકડાયેલ આરોપી નં.૨ કમલેષભાઈને બેસાડી એ રીતેના ચારેય જણા ભાવનગર ખાતે આવેલ વી.એસ.એપ્પી મેરીટાઇમ પ્રા.લી નામની કંપનીના ગોડાઉને ગયેલા અને જેમાં નહી પકડાયેલ આરોપી નં.૧ અમરતભાઈ ભીલ ગોડાઉનની અંદર ગયેલ નહી અને ગાડી પાસે ઉભો રહેલ બાદ ફરીયાદીના દિકરા ઈશ્વરભાઈ ગોડાઉન ઉપર આવતા આરોપી નં. ૧ થી ૩ નાઓએ ગોડાઉનમાં પડેલ એસ.એસ.૩૦૪ સ્ક્રેપનો માલ બતાવેલ અને ગાડી ભરવાનુ ચાલુ

કરેલ અને આરોપીઓએ ટ્રાસપોર્ટના ખર્ચા સારુ રુ.૧૫,૦૦૦/- માંગતા તે પૈસા ફરીયાદીશ્રીએ આંગડીયા પેઢી મારફતે ભાવનગર ખાતે મોકલી આપેલ જે પૈસા ફરીયાદીના દિકરા ઈશ્વરભાઈએ આરોપીઓને આપેલ બાદ સ્ક્રેપના માલની ગાડી ભરાવી તે પેટે રુ. ૯,૦૯, ૪૨૬/- તેમજ બીજો માલ આપવાનુ કહી તેના રુ.૭,૫૪,૫૧૪/- મળી કુલ રુ.૧૬,૬૩,૯૪૦/- નુ બીલ બાબતે વાત કરેલ તા.૦૭/૦૧/૨૦૨૩ ના રોજ આરોપી નં.૧ નાએ ફરી.શ્રીને રુ.૧૬,૬૩,૯૪૦/- નુ બીલ વ્હોટસેપ મારફતે મોકલતા તે બીલ ફરીયાદીશ્રીએ રુ.૧૬,૬૩,૯૪૦/-આર.ટી.જી.એસ મારફતે આરોપીઓએ જણાવેલ રોયલ એન્ટર પ્રાઈઝના ખાતામાં મોકલી આપેલ બાદ આરોપીઓએ થોડીવારમાં ગાડી મોકલુ છુ તેમ જણાવેલ અને ફોન સ્વીચ ઓફ કરી દઈ ફરી.શ્રી સાથે માલ પેટેના રુ.૧૬,૬૩,૯૪૦/- તથા ગાડીના ભાડા પેટે રોકડા રુ.૧૫,૦૦૦/- મળી કુલ્લે કીરુ. ૧૬,૭૮,૯૪૦/- છેતરપીંડી વિશ્વાસઘાત કરી મેળવી લીધેલ બાદ આ પૈસા “રોયલ એન્ટરપ્રાઈઝ" ના ખાતામાંથી પકડાયેલ આરોપીનં.૪ સલીમે વડોદરા ખાતેના "ધ્રુવી સેલ્સ"ના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી તે પૈસા મેળવી લઈ જેમાંથી રુ.૩૮, ૫૦૦/- પોતાની પાસે કમીશન પેટે રાખી બાકીના રુપીયા પકડાયેલ આરોપી નં.૫ મોહમંદ બીન ઉર્ફે દાદુભાઈને આપી એ રીતે આરોપીઓએ પોતાના આર્થીક ફાયદાસારુ ભેગા મળી એકબીજાની મદદગારીથી પુર્વ યોજીત કાવતરુ રચી ફરી. શ્રી સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કરી રુ. ૧૬.૭૮,૯૪૦/- મેળવી લીધેલ છે.

આ કામે ગુનાની એફ.આઈ.આર માં જણાવેલ આરોપી નં.(૩) હરેશભાઈ ઉર્ફે હરીભાઈ સ/ઓ ભાકાભાઈ તપુભાઈ સોલંકી ઉવ.૪૩, ધંધો.ડ્રાયવિંગ, રહે. મનં.૮૦, સ્વસ્તીક પાર્ક સોસાયટી વિભાગ-૨, સીદસર રોડ, રાજપથ કલ્બની પાસે, ભાવનગર. મુળ વતન.ગામ.મોટા માણસા, તા. જાફરાબાદ, જી.અમરેલીનાઓને ગુના સબંધે પુછપરછ કરતા તેમણે જણાવેલ કે, હું ડ્રાયવિંગની સાથે છેલ્લા પાંચ વર્ષથી છુટક ભંગારની દલાલીનો ધંધો કરુ છુ અને દલાલીના ધંધામાં પાર્ટીને માલ બતાવવાનો અને બંને પાર્ટીને મળાવવાની અને કમલેષભાઈ ઉર્ફે કમલભાઈને પાંચ છ મહીના ભંગારના સ્ક્રેપ માટે તેમના મોનં.૯૫૧૦૦૫૨૯૧૪ ફોન આવેલ હતો અને જે તે વખતે અમારે તેમની ભંગારના માલ બાબતે વાતચીત થયેલ હતી અને ત્યારબાદ તેઓ મને અવાર નવાર ભંગારનો માલ વોટ્સેપ ઉપર

ફોટા મોકલી આપતા હતા પરંતુ હું તેઓને ક્યારેય રુબરુ મળેલ હતો નહી અને હું પણ વેપારી પાસે ભંગારનો માલ પડેલ હોય તેના ફોટા તેઓને મોકલી આપેલ હતા ત્યારબાદ ગઈ તા.૦૫/૦૧/૨૦૨૩ ના રોજ કમલેષભાઈ ઉર્ફે કમલભાઈનો મારી ઉપર સવારના સમયે ફોન આવેલ અને એસ.એસ.૩૦૪ એલ નો ભંગારનો માલ બાબતે પુછતા તે તેઓને માલ કંપનીમાં પડેલ છે તેવી વાત કરેલી જેથી મેં કીલોનો ૧૬૦ રુપીયા તેમજ જી.એસ.ટી. ટ્રાન્સપ ોર્ટ, લોડીંગનો ખર્ચો અલગથી કીધેલ જેથી હા પાડેલ અને તેઓએ મને આશીષભાઈને માલ ખરીદવાનો છે અને તે અને હું લેવા માટે કાલે આવી જઈશુ તમે અમોને જણાવેલ જેથી મેં ભાવનગર મોતી તળાવ રોડ કુંભારવાડા વી.એસ.એપ્પી મેરીટાઈમ પ્રા.લીના માલીક શેઠ મુન્નાભાઈને ફોન કરી આ બાબતે જાણ કરેલ અને મુન્નાભાઈએ પણ આ બાબતે હા પાડેલ અને બીજા દીવસે હું સાડા આઠ નવ વાગ્યાની આસપાસ મુન્નાભાઈની વી.એસ.એપ્પી મેરીટાઈમ પ્રા.લી કંપનીએ પોહચી ગયેલ અને દસેક વાગ્યાની આસપાસ કલમેષભાઈ ઉર્ફે કમલભાઈ તથા આશીષભાઈ તથા તેમની સાથે એક ડ્રાઈવર હતો જેમના નામની મને ખબર નથી તેઓ સ્વીફ્ટ ગાડી લઈને આવેલ અને મેં તેઓને કંપનીમાં પડેલ માલ બતાવેલ અને મુન્નાભાઈ સાથે મુલાકાત કરાવેલ અને મુન્નાભાઈ સાથે આ સ્ક્રેપના માલના ૧૬૦ રુપીયા ભાવે નક્કી કરેલ અને તે વખતે મુન્નાભાઈએ આશીષભાઈને પહેલા માલના પૈસા ખાતામાં નાખવાનુ કહેતા તેઓએ ગાડી ભરાઈ વજન થાય પછી બીલ બને બાદ પૈસા આર.ટી.જી.એસ. કરીશુ તેવી વાત કરેલ અને મુન્નાભાઈએ કોના નામે બીલ બનાવવાનુ છે તેવી વાત કરતા આશીષભાઈએ રોયલ એન્ટરપ્રાઈઝના નામે બીલ બનાવવાનુ છે તેવી વાત કરેલી ત્યારબાદ આશીષભાઈ તથા કમલેષભાઈ ઉર્ફે કમલભાઈ બંને આ માલ અમદાવાદ ઓઢવ ખાતે મોકલવાનો છે અને પાર્ટી થોડીવારમાં પોહચી જશે તેવી વાત કરેલ અને બાર વાગ્યાની આસપાસ અમદાવાદ ઓઢવથી ઈશ્વરભાઈ આવી ગયેલા અને ઈશ્વરભાઈને માલ બતાવેલ અને આશીષભાઈએ ટ્રાંન્સપોર્ટમાંથી ગાડી બોલાવવા ફોન કરેલ ત્યારબાદ ઈશ્વરભાઈ માલ ચેક કરતા હતા તે વખતે આશીષભાઈ તથા કમલેષભાઈ ઉર્ફે કમલભાઈએ મને તથા શેઠ મુન્નાભાઈને આ માલ તમે કેટલા આપ્યો છે તે બાબતે ઈશ્વરભાઈને કહેતા નહી તેવી વાત કરેલ ત્યારબાદ આશીષભાઈએ મગાવેલ ગાડી ન આવતા તેઓએ મને ગાડીનુ સેટીંગ કરી અપાવવાનુ કહેતા મે મારા ઓળખીતા ચેતનસિંહની ગાડી મંગાવી લીધેલ અને આ ગાડી બપોરના બે વાગ્યાની આસપાસ આવી ગયેલ ત્યારબાદ મેં માલ

ભરાવવા માટે મજુર બોલાવી દીધેલ અને ઈશ્વરભાઈ ચેક કરીને માલ ભરાવવાનુ ચાલુ કરેલ અને સાંજે સાત વાગ્યા સુધી શેઠ તથા તેમના મેનેજર ગૃપ્તાજી રોકાયેલ અને બાદ તેઓ જતા રહેલ ત્યારબાદ ગાડી ભરાવવાની ચાલુ હતી દરમ્યાન રાત્રીના સમયે આઠેક વાગ્યાની આસપાસ ગાડીમાં માલ ભરાઈ ગયેલ જે બાબતે મજુરોને રૂ.૪૫૦૦/- આશીષભાઈએ ચુકવેલ હતા ત્યારબાદ આશીષભાઈ તથા કમલેષભાઈ ઉર્ફે કમલભાઈએ જમવાની વાત કરતા હું તથા આશીષભાઈ તથા કમલેષભાઈ ઉર્ફે કમલભાઈ તથા ઈશ્વરભાઈ તથા તેમની સાથે આવેલ કારીગરએ રીતેના દાદાની વાડી નામની હોટલમાં જમવા માટે ગયેલા અને ત્યાં જમી કરીને પરત કંપનીએ આવી ગયેલ અને ત્યાં મેં મુન્નાભાઈને ફોન કરીને બીલ બનાવવા માટે કહેતા મુન્નાભાઈ મને કહેલ કે હજુ ખાતામાં પેમેન્ટ આવેલ નથી જેથી બીલ નહી બને તેવી વાત કરતા મે આશીષભાઈને આ બાબતે કહેતા આશીષભાઈએ મને કહેલ કે ઈશ્વરભાઈનુ પેમેન્ટ મારા આવેલ નથી તે પેમેન્ટ મારા રોયલ એન્ટરપ્રાઈઝમાં આવી જાય પછી હું મુન્નાભાઈની કંપનીના ખાતામાં પેમેન્ટ કરુ તેવી વાત કરેલ અને ત્યાં હાજર ઈશ્વરભાઈએ તેમની કંપનીના નામે બીલ બને તે બાદ પેમેન્ટ કરવાનુ કહેલ ત્યારબાદ આશીષભાઈએ સવારે બીલ બનશે તેવી વાત કરેલ જે બાદ ઈશ્વરભાઈ તેમનો કારીગર કંપનીએ રાખી તેઓ તેમની ગાડી લઈ અમદાવાદ જવા નિકળી ગયેલા અને આશીષભાઈ તથા કમલેષભાઈ ઉર્ફે કમલભાઈ તેમના ડ્રાઈવર સાથે તેમના સબંધીના ઘરે રોકાવવા જાવ છુ તેવુ કહીને તેઓ ત્રણેય જણા નિકળી ગયેલા ત્યારબાદ ઈશ્વરભાઈના કારીગરને રાત્રી રોકાવવા માટે હું મારા કુટુંબીબેન લક્ષ્મીબેન ના ઘરે ચીત્રા જી.આઈ.ડી.સી ખાતે લઈ ગયેલ અને હું પણ ત્યાં રોકાઈ ગયેલ ત્યારબાદ બીજા દિવસે તા.૦૭/૦૧/૨૦૨૩ ના રોજ સવારના નવ વાગ્યે હું ઈશ્વરભાઈના કારીગર રામકુમાર સરોજને લઈ મુન્નાભાઈની કંપનીએ ગયેલ અને શેઠનો મારી ઉપર ફોન આવેલ પેમેન્ટનુ શુ થયુ તેવી વાત કરતા મેં તેઓને આશીષભાઈ અને કમલેષભાઈ ઉર્ફે કમલને પુછીને વાત કરુ તેવી વાત કરેલ ત્યારબાદ મે આશીષભાઈને ફોન કરતા તેઓએ હું થોડી થોડીવારમાં કંપનીએ આવુ છુ તેવી વાત કરેલ ત્યારબાદ મેં આશીષભાઈને ફોન કરતા તેઓએ મને મારા ખાતામાં ઓઢવવાળી પાર્ટીના પૈસા આવેલ નથી પૈસા આવે એટલે હું પેમેન્ટ કરી દઉ તેવી વાત કરેલ જેબાદ પણ અમોએ પેમન્ટ બાબતે રાહ જોયેલ પરંતુ પેમેન્ટ આશીષભાઈ કરેલ ન હોય જેથી મેં આશીષ તથા કમલેષભાઈ ઉર્ફે કમલભાઈને ફોન કરતા તેઓ મ. કે ઓઢવવાળી પાર્ટી પેમેન્ટ કરે એટલે

હું પેમેન્ટ કરી દઈશ તેવી વાત કરેલ ત્યારબાદ સાંજના છ વાગ્યાની આસપાસ મે આશીષભાઈને ફોન કરતા તેઓએ મને માટે ખાતુ સીઝ થઈ ગયેલ છે કેવા કારણે થયેલ છે તે જોવા માટે હું રાજકોટ નીકળી ગયેલ છુ અને હાલ રસ્તામાં છુ હાલ પેમેન્ટ થઈ શકે તેમ નથી અને રાજકોટ જઈને તમને ફોન કરુ તેવી વાત કરેલ ત્યારબાદ આશીષભાઈ તથા કમલભાઈનો ફોન બંધ થઈ ગયેલ ત્યારબાદ મેં ઈશ્વરભાઈના કારીગર પાસેથી ઈશ્વરભાઈનો મોબાઈલ નંબર લઈ તેઓને વાત કરતા ઈશ્વરભાઈએ આશીષના રોયલ એન્ટરપ્રાઈઝવાળા ખાતામાં પેમેન્ટ કરી દીધેલ છે તેવી વાત કરેલ જેથી મેં અમારા શેઠ મુન્નાભાઈની કંપનીના ખાતામાં પેમેન્ટ આવેલ નથી અને પેમેન્ટ મળેલ ન હોય જેથી હું ગાડી અમદાવાદ ખાતે મોકલીશ નહી તેવી વાત કરેલ ત્યારબાદ ઈશ્વરભાઈએ એક દીવસ રાહ જોવાની વાત કરેલ જેથી મેં ગાડી ખાલી કરાવેલ નહી અને ત્યારબાદ મારા શેઠ મુન્નાભાઈને પેમેન્ટ મળેલ ન હોય જેથી બીલ કેન્સલ કરાવી દીધેલ અને તેમના કારીગરને કંપનીમાં સુવડાવી હું મારા ઘરે જતો રહેલ ત્યારબાદ બીજા દીવસે તા.૦૮/૦૧/૨૦૨૩ ના રોજ સવારના નવ વાગ્યે હું મુન્નાભાઈની કંપનીએ પોહચી ગયેલ અને મારી ઉપર ટ્રાન્સપોર્ટવાળા ચેતનસિંહનો પણ ફોન આવતો હોય જેથી મેં મુન્નાભાઈને વાત કરેલ અને ગાડી ખાલી કરાવવાનું કહેલ જેથી મેં ઈશ્વરભાઈને વાત કરેલ જેથી ઈશ્વરભાઈએ અમોને કહેલ કે આશીષભાઈ તથા કમલેષભાઈનો ફોન બંધ છે જેથી ગાડી લાખી કરાવી નાખો તેવી વાત કરેલ હતી ત્યારબાદ હું ગાડી ખાલી કરાવવાનુ શરુ કરેલ અને ઈશ્વરભાઈના કારીગરને અમદાવાદ રવાના કરેલ અને આ ગાડી ખાલી કરાવવા માટેનો લેબર ચાર્જ મજુરોને રુ.૩૫૦૦/- તથા ગાડીના રુ.૫૦૦૦/- મેં ચુકવેલ હતા.ત્યારબાદ પણ મેં મારે થયેલ ખર્ચાના પૈસા મેં પરત લેવા માટે આશીષભાઈ તથા કમલભાઈને ફોન કરતા તેઓ મારો ફોન ઉપાડતા હતા નહી. ત્યારબાદ મેં કમલેષભાઈ ઉર્ફે કમલભાઈને મારી દિકરીને હોસ્પીટલમાં દાખલ કરેલાના ફોટા વ્હોટસેપથી મોકલી આપતા આશીષભાઈએ મારા ખાતામાં મની ટ્રાન્સફરથી રોકડા રુ.૫,૦૦૦/- મોકલી આપેલ હતા અને આ કમલેષભાઈ ઉર્ફે કમલભાઈ તથા આશીષને હું પહેલા વાર રુબરુમાં આ ભાવનગરના માલ બાબતે તા.૦૬/૦૧/૨૦૨૩ ના રોજ પહેલી વખત મળેલ હતો અને કમલેષભાઈ ઉર્ફે કમલભાઈ સાથે અગાઉ મારે ધંધાકીય રીતે પરીચય થયેલ હતો અને અવાર નવાર તેમની સાથે ભંગારના માલ બાબતે વાતચીત થતી હતી આ ગુનામાં મારી કોઈ સંડોવણી નથી. જે વિગેરે મતલબનુ નિવેદન લખાવતા હોય જે બાબતે તેઓનુ વિગતવારનુ નિવેદન

મેળવવામાં આવેલ છે.

આ કામે પકડાયેલ આરોપી (૧) જયદિપસિંહ ઉર્ફે મુન્નો સ/ઓ નરેન્દ્રસિંહ વેલુભા જાડેજા ઉવ.૩૦, (૨) કમલેષ ઉર્ફે કમલ સ/ઓ જગજીવનભાઈ નવાજી સિંદલ ઉવ.૩૮, (૩) નરસિંહભાઈ સ/ઓ વિરમભાઈ ભુરાભાઈ ઘોઘાણી ઉવ.૩૭, (૪) સલીમ સ/ઓ શેખુદ્દીનભાઈ નુરમોહમંદ થીમ ઉવ.૨૭, (૫) મોહમંદબિન ઉર્ફે દાદુભાઈ સ/ઓ સૈયદભાઈ અબ્દુલ્લાભાઈ કથીરી ઉવ.૨૭, નાઓ વિરુધ્ધમાં અલાયદુ ચાર્જશીટ કરવામાંઆવેલ છે.

આમ, ગુનાની એફ.આઈ.આર માં દર્શાવેલ આરોપી નં.૩ હરેશભાઈ ઉર્ફે હરીભાઈ સ/ઓ ભાકાભાઈ તપુભાઈ સોલંકીનાઓને આરોપી નં. ૨ કમલેષભાઈ ઉર્ફે કમલભાઈએ એસ.એસ.૩૦૪ એલનો ભંગારનો માલ વેચાણે લેવાનુ જણાવતા એફ.આઈ.આર માં દર્શાવેલ આરોપી નં.૩ નાએ પોતે છુટક ભંગારની દલાલી કરતા હોય અને ભાવનગર મોતી તળાવ રોડ કુંભારવાડા વી.એસ.એપ્પી મેરીટાઈમ પ્રા.લીના માલીક શેઠ મુન્નાભાઈના ગોડાઉનમા માલ પડેલ હોય જેથી શેઠને વાત કરતા રુ. ૧૬૦/- ના કીલોના ભાવે શેઠે માલ વેચવાનું કહેતા એફ.આઈ.આર માં દર્શાવેલ આરોપી નં.૩ હરેશભાઈ ઉર્ફે હરીભાઈએ માલના ફોટા આરોપી નં.૩ કમલેષભાઈને મોકલી આપેલ હતા અને ગુનામાં સંડોવાયેલ પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમ્યાન પકડાયેલ આરોપીઓએ પોતે આ ચીંટીંગ કરવાના હતા જે બાબતે એફ.આઈ.આર માં દર્શાવેલ આરોપી નં.૩ હરેશભાઈ ઉર્ફે હરીભાઈને આ બાબતે જણાવેલ ન હતુ આમ, એફ.આઈ.આર માં દર્શાવેલ આરોપી નં.૩ હરેશભાઈ ઉર્ફે હરીભાઈ સ/ઓ ભાકાભાઈ તપુભાઈ સોલંકી નાઓની સદર ગુનામાં કોઈ સંડોવણી કે મદદગારી જણાઈ આવેલ નહી જેથી એફ.આઈ.આર માં દર્શાવેલ આરોપી નં.૩ હરેશભાઈ ઉર્ફે હરીભાઈ સ/ઓ ભાકાભાઈ તપુભાઈ સોલંકી વિરુધ્ધમાં પુરતા પુરવા ન હોય જેથી અટક કરેલ ન હોય અને પકડાયેલ આરોપીઓ વિરુધ્ધમાં અલાયદુ ચાર્જશીટ કરવામાં આવેલ છે, અને ફરીયાદીના હકીકતની ભુલના કારણે ગુનાની એફ.આઈ.આર માં આરોપી નં.૩ તરીકે હરેશભાઈ ઉર્ફે હરીભાઈ સ/ઓ ભાકાભાઈ તપુભાઈ સોલંકીનુ નામ દર્શાવેલ હોય જેથી આ કામે સદર ગુનાની એફ.આઈ.આરમાં દર્શાવેલ આરોપી નં.૩ હરેશભાઈ ઉર્ફે

હરીભાઈ સ/ઓ ભાકાભાઈ તપુભાઈ સોલંકી પુરતી વર્ગ "સી" સમરી ભરી ફરીયાદીશ્રીને સી.આર.પી.સી. કલમ ૧૭૩(૧)(બ) નું ફોર્મ અદા કરી આ કામે ગુનાની તપાસના કાગળો પેટામાં સામેલ સાંકળીયા ના આંક ન.૧ થી સુધીના મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " આઈ " ડીવીઝન અમદાવાદ મારફતે મોકલી આપેલ હોય તો સદર ગુનાના કામે કરેલ તપાસના કાગળો વંચાણે લઈ માગ્યા મુજબની વર્ગ " સી " પડત સમરી મંજુર થવા વિ છે.

સદર વર્ગ સી–પડત સમરી ભરતાં તેને રજીસ્ટરે નોંધવામાં આવેલ અને ફરિયાદીને નોટીસ કાઢવામાં આવેલ. જેઓએ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થઈ પુરસીસ ધ્વારા હકીકત જણાવેલ છે કે, સદર કામે આરોપી નં.૩ વિરૂધ્ધ ગુનો બનતો ન હોય તપાસ કરનાર અધિકારી ધ્વારા સી–સમરી રીપોર્ટ કરવામાં આવેલ છે. જે સમરી મંજુર કરવામાં આવે તો ફરિયાદીને કોઈ વાંધો ન હોવાની પુરસીસ રજુ કરેલ છે. જેથી સદર કામે સી–સમરી મંજુર કરવામાં આવે છે.

આમ, આ કામે તપાસ દરમ્યાન આરોપી હરેશભાઈ ઉર્ફે હરીભાઈ સ/ઓ ભાકાભાઈ તપુભાઈ સોલંકી વિરૂધ્ધ કોઈ જ પુરાવો તપાસ દરમ્યાન મળી આવેલ ન હોઈ તેમજ ફરિયાદી દેવારામ ભુરારામ પુરોહીતનાઓએ પણ આ સમરી મંજુર કરવામાં આવે તો વાંધો નથી તેમ અદાવત રૂબરૂ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ જાહેર કરતાં હોઈ, ''સી'' સમરી રીપોર્ટ સ્વીકારવામાં /મંજુર કરવામાં આવે છે. હરેશભાઈ ઉર્ફે હરીભાઈ ભાકાભાઈ વિરૂધ્ધ આ ગુનાની આગળની કાર્યવાહી બંધ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા. ૩૦,** માહે **નવેમ્બર,** સને **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૧૧/૨૦૨૪
મુ.અમદાવાદ.

**(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)**
૯માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર,(કોર્ટ નં.૨૦)